# વિપશ્યના

સાધકોનું માસિક પ્રેરણાપત્ર

બુદ્ધવર્ષ ૨૫૫૧ ❖ મહા પૂર્ણિમા ❖ ૨૧ ફેબ્રુઆરી ૨૦૦૮ ❖ વર્ષ - ૮ ❖ અંક - ૧૦ ❖ સળંગ અંક - ૯૪

## ધમ્મવાણી

एकं धम्मं अतीतस्स, मुसावादिस्स जन्तुनो ।
वितिण्ण परलोकस्स, नत्थि पापं अकारियं ॥
धम्मपद – १७६

એક ધર્મ (સત્ય)નું અતિક્રમણ કરીને જે જૂઠું બોલે છે, એ, પરલોકની ચિંતા ન કરવાવાળી વ્યક્તિને માટે કોઈ પાપ એવું નથી રહેતું, જે એ ન કરી શકે.

## ગણરાજ્યની સુરક્ષા કેમ થાય ?

(ગતાંકથી ચાલું)

વર્ષો બાદની એક કરુણાજનક ઘટનાનું દૃશ્ય આપણી સામે આવે છે. ભગવાન બુદ્ધની ૪૫ વર્ષીય ધર્મસેવા પૂરી થવા આવી છે. તેઓ લગભગ ૮૦ વર્ષના થઇ ગયા છે. રાજગૃહ છોડીને પોતાની અંતિમ ધર્મચારિકાને માટે પદયાત્રા પર નીકળવાના છે. મગધનરેશ અજાતશત્રુ પોતાના મહામંત્રીને સૂચના આપીને ભગવાન પાસે મોકલે છે કે શીઘ્ર મગધ પોતાના શત્રુ લિચ્છવીઓ પર આક્રમણ કરવાનું છે. ભગવાન વર્ષકારને કશું ન કહેતાં પાસે ઊભેલા આનંદને પૂછે છે, ‘‘આનંદ, વર્ષો પહેલાં મેં વજ્જિઓને જે સાપ્તાંગિક ઉપદેશ આપેલો, શું તેઓ એનું પૂર્ણ રીતે પાલન કરે છે ?’’ આનંદે કહ્યું, ‘‘હા, ભગવાન, પૂર્ણ રીતે પાલન કરે છે.’’

ત્યારે ભગવાને કહ્યું, ‘‘જ્યાં સુધી વજ્જિ આ સાતેય ઉપદેશોનું પાલન કરતા રહેશે ત્યાં સુધી તેઓ અજેય રહેશે.’’

પરંતુ તેઓ અજેય ન રહી શક્યા. માગધો દ્વારા કચડાઇ ગયા. બળશાળી વૈશાલી ગણરાજ્ય સદાને માટે ધ્વસ્ત થઇ ગયું.

મહામંત્રી વર્ષકાર કુટિલતાની નીતિમાં પ્રવીણ હતો. એણે તુરંત સમજી લીધું કે જ્યાં સુધી વજ્જિ એકતામાં બંધાઇ રહેશે તેઓ સાચેસાચ અજેય રહેશે. એણે વજ્જિઓ પર શીઘ્ર થનારા આક્રમણને થોડા સમયને માટે રોકી દીધું. આગળની ઘટનાઓ મહામંત્રીના કૌટિલ્ય (કુટિલતા) અને વજ્જિઓની અણસમજનો કરુણાજનક ઇતિહાસ છે, જેને કારણે વજ્જિઓની સુદૃઢ એકતા છિન્ન-ભિન્ન થઇ ગઇ. એમનામાં એવી તડ (ભાગલા) પડી કે મગધના આક્રમણને રોકી શકવું તો દૂર, એનો સામનો કરવાને માટે તેઓ એકત્ર થઇને સંગઠિત પણ ન થઇ શક્યા. લિચ્છવી ગણરાજ્ય સદાને માટે ધૂળધાણી થઇ ગયું. ભગવાનના કલ્યાણકારી ઉપદેશને ભૂલી જઇને એમણે પોતાનો સર્વનાશ કરાવી નાખ્યો.

ભગવાન દ્વારા અપાયેલ ગણતંત્રની સુરક્ષા સંબંધી સર્વજનીન ઉપદેશ આજે પણ એટલો જ પ્રાસંગિક છે. વજ્જિઓ દ્વારા એને ભુલાવીને પારસ્પરિક અણબનાવ દ્વારા પોતાનો સર્વનાશ કરાવી લેવાનો ખતરો આજે પણ એટલો જ પ્રાસંગિક છે. આજનું ભારત આમાંથી પાઠ ભણે !

ગણરાજ્યને ચિરકાળ સુધી સુદૃઢ બનાવી રાખવાને માટે રાષ્ટ્રમાં ભાગલાનાં જે બીજ છે એને દૂર કરીએ. રાષ્ટ્રને ખંડિત કરનારા બધા મુદ્દાઓને હટાવીને અખંડતાનાં પાસાંને સુદૃઢ કરીએ. ન તો સાંપ્રદાયિકતાને લઇને દેશમાં ભાગલા પડે કે ન તો જાતિયતાને લઇને.

કોઇ પણ દેશમાં અનેક સંપ્રદાયના લોકો એકી સાથે પ્યારથી રહી શકે છે. શરત એટલી કે લોકો સંપ્રદાયને ધર્મ ન બનાવી દે. બંનેનો ભેદ સ્પષ્ટ હોય. ભિન્ન ભિન્ન સંપ્રદાયોનાં ભિન્ન ભિન્ન દેવસ્થાન, ભિન્ન ભિન્ન પૂજન-અર્ચન વિધિઓ, ભિન્ન ભિન્ન કર્મકાંડ, ભિન્ન ભિન્ન દાર્શનિક માન્યતાઓ, ભિન્ન ભિન્ન વેશભૂષાઓ, વાર-તહેવારો, પર્વોત્સવો, રીત-રિવાજ, ખાણી-પાણી અને વ્રત-ઉપવાસ આદિ હોય છે. એ પ્રસન્નતાપૂર્વક આમોદ-પ્રમોદ સહિત મનાવાતા રહે, શરત એટલી કે કોઇ એક સંપ્રદાયનું આયોજન કોઇ બીજાની ભાવના પર આઘાત ન પહોંચાડે. સાંપ્રદાયિકતાનાં આ બધાં સ્વરૂપ ભલે ભિન્ન ભિન્ન હોય પણ સર્વજનીન ધર્મના ક્ષેત્રમાં બધાં જ એક હોય. ક્યાંય એને ધર્મ માનીને અંધ ઉન્માદ ન જગાવી લઇએ. સંપ્રદાય ભિન્ન ભિન્ન હોય છે. એનાં પરિમાણ ભિન્ન ભિન્ન હોય છે. પરંતુ ધર્મ બધાંને માટે એક જ હોય છે. ધર્મ સદા અભિન્ન હોય છે. લોકોમાં એ વાત ફેલાય કે સર્વજનીન અભિન્ન ધર્મ શું છે ? શીલ-સદાચારનું જીવન જીવવું એ ધર્મ છે. આપણે શરીર અને વાણીથી કોઇ એવું કામ ન કરીએ કે

જેથી બીજાંનું અહિત-અમંગલ થતું હોય, બીજાંની સુખ-શાંતિનો ભંગ થતો હોય. આના પર કોઈ સંપ્રદાયનો એકાધિકાર નથી. આ બધાનો ધર્મ છે.

આવું જીવન જીવવા માટે મનને વશમાં કરવું અનિવાર્ય છે. મનને વશમાં કરવું, સંયત કરવું (એ) બધાનો ધર્મ છે, કોઈ એક સંપ્રદાય-વિશેષનો નહીં.મનને વશમાં કરવાને માટે એવી વિધિ હોય જેને અપનાવવામાં કોઈ સંપ્રદાયને કોઈ વાંધો ન હોય.

આપણે મનને દ્વેષ અને દુર્ભાવનાના વિકારોથી વિમુકત-વિમલ કરીને સ્નેહ, સહૃદયતા અને સદ્ભાવનાથી ભરીએ. આ બધાનો ધર્મ છે. કોઈ એક સંપ્રદાયનો નહીં. આને માટે આપણે એવી વિધિ અપનાવીએ જેને અપનાવવા માં કોઈ સંપ્રદાયને કોઈ વાંધો ન હોય.

શરીરને સ્વસ્થ રાખવાને માટે ભારતે આસન અને પ્રાણાયામના રૂપમાં જે વિદ્યા આપી તે સર્વજનીન હોવાને કારણે વિશ્વમાન્ય થઈ. એને અપનાવવામાં કોઈ સંપ્રદાયને કોઈ વાંધો ન આવ્યો. બરાબર આ જ પ્રકારે સંપ્રદાયોની વિભાજક દીવાલોથી ઉપર ઊઠીને મનને સંયત, સબળ અને સ્વસ્થ બનાવવામાં સમર્થ પુરાતન ભારતની સર્વજનીન વિપશ્યના વિદ્યા પણ વિશ્વમાન્ય થઈ છે.

શીલ, સમાધિ, પ્રજ્ઞા અને મૈત્રીપૂર્ણ સદ્ભાવનાની આ સર્વજનહિત-કારિણી સર્વમાન્ય વિદ્યાનો સહારો લઈને, સાંપ્રદાયિક વિભિન્નતાના વિભિન્ન પક્ષોના ચાલુ રહેવા છતાંયે આપણે સૌજન્યતા તથા પારસ્પરિક પ્યાર-મોહબ્બત (સ્નેહ-ભાવ) નું વાતાવરણ સ્થાપિત કરી શકીએ છીએ કે જે રાષ્ટ્રીય ગણતંત્રની અક્ષુણ્ણતાને સુદૃઢ બનાવી રાખશે.

સંપ્રદાયવાદની માફક જાતિવાદનો દૈત્ય પણ દેશની સુરક્ષાને માટે ભૂતકાળમાં પણ ખતરનાક રહ્યો છે, આજે પણ છે અને ભવિષ્યમાં પણ ખતરનાક જ બની રહેશે. આ કેવું ઘાતક વિષ છે, જે રાષ્ટ્રની ધમનીઓમાં સમાઈ ગયું છે ! એને જેટલું શીઘ્રતાથી દૂર કરીએ, એટલું જ રાષ્ટ્ર સુરક્ષિત થશે, ગૌરવાન્વિત થશે. સમાજમાં ઊંચ-નીચનો ભેદભાવ રહેશે જ, એ હટાવી નથી શકાતો; પરંતુ એનો વર્તમાન આધાર હટાવી દેવો આવશ્યક છે. કોઈ માની કૂખે જન્મવાને કારણે કોઈ વ્યકિત મોટી કે નાની, ઊંચી કે નીચી ન મનાય. કોઈ પણ માની કૂખે જન્મ્યો હોય, પરંતુ જો એ દુષ્કર્મ કરે છે, દુરાચારી છે તો દુષ્ટ છે, દુર્જન છે. સમાજમાં નાનો જ છે. એ જ પ્રકારે કોઈ વ્યકિત કોઈ પણ માની કૂખે જન્મી હોય, જો તે સત્કર્મ કરે છે, સદાચારી છે તો સંત છે, સજ્જન છે. સમાજમાં એનું સ્થાન મોટું જ છે, એનો દરજ્જો ઊંચો જ છે. જયારે જન્મજાત ઊંચ-નીચ હોવાની મિથ્યા માન્યતા ફૂલેફાલે છે તો દેશની હાનિ થાય છે, ધર્મની ગ્લાનિ થાય છે. સદાચારી હોવાનું એટલે કે ધર્મ ધારણ કરવાનું કોઈ મહત્ત્વ જ નથી રહેતું. જો દુરાચારી વ્યકિત જન્મજાતિના આધાર પર સમાજમાં ઊંચું સ્થાન મેળવે છે તો સદાચાર અર્થહીન થઈ જાય છે. જન્મજાતિના આધાર પર કોઈને નાનો માની લેવાયો તો એના માટે સદાચરણનું કોઈ મહત્ત્વ નથી રહેતું. જો સમાજમાં નાનો કે મોટો, પૂજ્ય કે અપૂજ્ય, સદાચારના આધાર પર ગણાશે તો જે આજે નાનો છે, અપૂજય છે કેમકે સદાચારી નથી, એ કાલે પ્રયત્નપૂર્વક સદાચારી બની શકશેઃ સમાજમાં મોટો ને પૂજ્ય બની શકશે. જેવું સમાજમાં જન્મના સ્થાન પર આચરણ ઊંચ-નીચ હોવાનું માપદંડ મનાવા લાગશે, એવું જ સમાજનું પ્રભૂત ઉત્થાન થશે, રાષ્ટ્રનો પ્રભૂત ઉત્કર્ષ થશે. રાષ્ટ્રની રકતવાહિની-ધમનીઓમાં ચિરકાળથી વહેતું વિષ અમૃત બની જશે.

સાંપ્રદાયિકતાવિહીન સર્વજનીન શુદ્ધ ધર્મને જીવનમાં ઉતારનારી વિપશ્યના વિદ્યાના પ્રયોગથી રાષ્ટ્રની સર્વાંગીણ ઉન્નતિ થાય, પારસ્પરિક દ્વેષ-દ્રોહ અને વિગ્રહ-વિરોધના સ્થાને સ્નેહ-સહૃદયતા અને ભાઈચારો વધે એમાં જ ગણતંત્રની સુરક્ષા છે, એમાં જ રાષ્ટ્રનું મંગલ છે, કલ્યાણ છે.

કલ્યાણમિત્ર,

સત્યનારાયણ ગોયન્કાજી

**વિશેષ માહિતી :-**

જામનગર - પોરબંદર વિસ્તારના જૂના સાધકોનું સંમેલન તેમજ નવા સાધકો માટે વિપશ્યના પરિચય / ગુરૂજીનું પ્રવચન વિ.સી.ડી. પ્રોજેકટર પર તેમજ વરીશ્ઠો તરફથી વિપશ્યના ઉપર પ્રવચન તેમજ પ્રશ્નોત્તરીનું આયોજન થયેલ. જેના પરિણામ સ્વરૂપ તા. ૨૦ થી ૩૧ જાન્યુઆરી દરમ્યાન ધમ્મકોટ પરની શિબિરમાં ત્યાંના લોકલ વિસ્તારમાંથી ૧૯ સાધક ભાઈ-બહેનોએ લાભ લીધો. આપ પણ આપના વિસ્તારમાં આયોજન કરવા ઈચ્છતા હો તો ધમ્મકોટ સીટી ઓફિસનો સંપર્ક કરવો. મો. : ૯૪૨૬૨૦૨૨૨૨, ૯૪૨૭૨ ૨૧૫૯૧

## સાધકોના પ્રશ્નો : ગુરુજીના ઉત્તરો

**પ્રશ્ન : જે લોકો શિબિર માટે દશ દિવસ કાઢી ન શકે, તેને માટે આપ શું સૂચવો છો ?**

ઉત્તર : દશ દિવસ માટે શિબિરમાં જોડાવાનો નિર્ણય લો. તે સિવાય બીજું કંઇ જ ન થઇ શકે. કોઇ જાદુ કે ચમત્કાર નથી. જો હું ફક્ત અહીં જ બેસીને એક કલાકમાં તેમને શીખવી શકતો હોઉં, તો શા માટે હું લોકોને તેમની જીંદગીના દશ દિવસ કાઢવાનું કહું ભલા ? એ ઉલટાનું વધુ સહેલું થાત. પણ એ કામ આવતું નથી. વિપશ્યન-વિધિ શીખવા માટે માણસે તેની જીંદગીના દશ દિવસ કાઢવા જ પડશે. આ ખૂબ ગંભીર, અને સૂક્ષ્મ વિધિ છે. એને ઠીક રીતે શીખવા માટે દશ દિવસ તો ઓછામાં ઓછો સમય છે.

**પ્રશ્ન શું કોઈ પુસ્તકમાંથી - (વાંચીને) વિપશ્યના શીખી શકે ?**

ઉત્તર : નો. એ ખૂબ જોખમકારક થઇ શકે છે. વિપશ્યના એ મનનું ખૂબ નાજુક અને ઊંડાણભર્યું 'ઓપરેશન'છે. શરૂઆત કરવા માટે વ્યક્તિએ દશ દિવસની શિબિર કરવી જોઇએ.

**પ્રશ્ન શિબિરમાં બેસવા શું કરવું જોઈએ ?**

ઉત્તર : ભારતના કે પરદેશના કોઇ પણકેન્દ્ર પર અરજી કરવી જોઇએ. શિબિર અંગે કેટલાક નિયમો અને આચાર - સંહિતા છે, અરજી કરતાં પહેલા તેમનું પાલન કરવું તમને મંજુર હોવું જોઇએ. વિપશ્યનાની શિબિર તમે તમારી સ્વેચ્છાથી કરો છો, એ ફરજીયાત નથી. પણ, શિબિર દરમિયાન, શિબિરના નિયમ ફરજીયાત - કડકાઇથી અનુસરવા જોઇએ. સાધક, વિપશ્યના શિબિરમાંથી વધુમાં વધુ લાભ મેળવી શકે તે માટે આ નિયમો છે.

**પ્રશ્ન વિપશ્યના શિબિરમાં ફી શા માટે લેવામાં આવતી નથી ?**

ઉત્તર : એક કારણ, જે મેં કહ્યુ છે, તે એ કે ધર્મ અમૂલ્ય છે. તેની પૈસામાં કીમત ન આંકી શકાય. બીજુ એ, કે વિપશ્યના શિબિર કરી રહેલ સાધક, શિબિરના સમયગાળો પૂરતો ગૃહી-જીવનની જવાબદારીઓ ત્યાગીને, ગૃહ ત્યાગીનું જીવન જીવવાનું શીખવા અહીં આવ્યો છે. પુરૂષ સાધક કે સ્ત્રી-સાધિકા અહીં ભિક્ષુ - ભિક્ષુણીની જેમ બીજાઓએ આપેલ દાન પ જીવન જીવે છે. આ 'અહંભાવ ને' - કે જે માણસના દુ:ખનું મોટું કારણ છે - તેને ઓછો કરવા માટે છે. જો, સાધક પ્રતિરૂપે પણ નાની સરખી ફી ભરે છે, તો અહંભાવ વધવા લાગે છે અને તે માંગણી કરવી શરૂ કરી દેશે, ''મને આ જોઇએ આ સગવડ મારી પસંદગી પ્રમાણે નથી '' … હું તો, મને જે ગમે તે અહીં કરી શકું … વિગેરે. આ અહંભાવ ધર્મમાર્ગે તેને પ્રગતિ કરવામાં આડો આવશે. મોટો અવરોધ બની જશે. આમ, ફી શા માટે લેવામાં નથી. આવતી, તેનું આ બીજું કારણ છે. હજારો વર્ષથી ચાલી આવતી આ ધર્મ પ્રણાલી છે; ભગવાન બુધ્ધે પણ ધર્મનું - (વિપશ્યના) આ અમૂલ્ય રત્ન વહેંચવા માટે ફી લીધી ન હતી.

**પ્રશ્ન સાધના માટે વહેલી સવારના સમયને તમે સારો શા માટે કહો છો ?**

ઉત્તર : વહેલાં સૂવું અને વહેલાં ઊઠવું સારી આદત છે. એ તમને સાજાં - નરવાં રાખશે - નીરોગી રાખશે. તમારા રોજના અભ્યાસ માટે પણ વહેલી સવારનો સમય સારો છે. કારણ કે એ સમય એવો છે, જ્યારે બીજા બધા સૂતા હોય. જ્યારે લોકો જાગતા હોય, ત્યારે વધુમાં વધુ તૃષ્ણાઓનું વાતાવરણ હોય - દરેક જણ તૃષ્ણા જગાવતું હોય. તેથી આખું વાતાવરણ તૃષ્ણાથી ભરેલું બની જાય છે. આથી સારી રીતે સાધના કરી શકો નહીં : માટે બધા સૂતા હોય ત્યારે સાધના કરો. એ ઉત્તમ સમય છે.

### દોહા ધરમના

શીલ વિહારી હૈ વહી, સદાચાર-ચુત હોય ।
કાયા વાણી ચિત્ત કે, કર્મ ન દૂષિત હોંય ॥

સરિતા શીતલ શીલ કી, વાણી કાય સમાય ।
માનવ જીવન ધન્ય હો, મંગલ સે ભર જાય ॥

જો ચાહે અપના કુશલ, જો ચાહે સુખ મીત ।
રાખ સદા સંયત વચન, યહી શાંતિ કી રીત ॥

**એક્સેલ ક્રોપકેર લિમિટેડ**
૬/૨ - રૂવાપરી રોડ, ભાવનગર - ૩૬૪ ૦૦૫
ફોન : ૨૨૧૨૪૦૧-૨-૩ની મંગળકામનાઓ સાથે

### દોહા ધરમના

વાણી અમૃત રસ ભરી, વાણી કુટિલ કૃપાણ ।
મીઠી કડવી વાણિયાં સુખ કી દુખ કી ખાન ॥

અકુશલ કર્મો સે બચે, કુશલ હોંય સબ કામ ।
પાએ પદ નિર્વાણ કા, જહાં ન દુખ કા ધામ ॥

હો સમ્યક આજીવિકા, હોવે કુશલ પ્રવીણ ।
કર્મઠ હોવે કર્મરત, તો ના હોવે દીન ॥

**ટ્રાંસમેટલ લિમિટેડ**
૩૦૧-બી ટાવર, અલકાપુરી આર્કેડ, આર.સી.દત્ત રોડ,
વડોદરા-૩૯૦૦૦૭. ફોન : ૨૩૪૩૩૦૨/૦૪ની મંગળકામનાઓ સાથે

સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ) ૩-એ, પ્રમુખ સ્વામી આર્કેડ, પહેલા માળે, માલવિયા ચોક, રાજકોટ - ૩૬૦ ૦૦૧. વતી પ્રકાશક તથા મુદ્રક : **ચંદુભાઈ મહેતા**, મુદ્રણ સ્થાનઃ નાઇસ આર્ટ, 'મુક્તિરામ કોમ્પલેક્ષ'', રાષ્ટ્રીય શાળા મેઇન રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૨. દ્વારા રાજકોટ ખાતે પ્રકાશિત. તંત્રી : **ભરત કાપડીઆ**. વિપશ્યના (ગુજરાતી) પત્રિકાનું લવાજમ : ૩-એ, પ્રમુખ સ્વામી આર્કેડ, પહેલા માળે, માલવિયા ચોક, રાજકોટ - ૩૬૦ ૦૦૧ ના સરનામે, **સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર**ના નામે મ.ઓ./ડ્રાફ્ટ અથવા રોકડેથી મોકલી શકાશે. (બહારગામના ચેક લેવામાં આવશે નહીં.)રાજકોટ સિટી ઓફિસ : ભાભા ડાઇનિંગ હોલ, પંચનાથ પ્લોટ, રાજકોટ - ૧.

વિપશ્યના ૨૧ ફેબ્રુઆરી, ૨૦૦૮ આ પત્રિકામાંની સામગ્રી વિપશ્યના વિશોધન વિન્યાસ, ઇગતપુરીના સૌજન્યથી તથા વિપશ્યના હિન્દી/અંગ્રેજી પત્રિકાઓના અંકોમાંથી પ્રકાશિત કરાય છે.

| | |
|---|---|
| ચાર વર્ષનું લવાજમ | : રૂ. ૧૦૦/- |
| વાર્ષિક લવાજમ | : રૂ. ૩૦/- |

'વિપશ્યના' Reg-No. GUJGUJ 08700/6/1/99-TC
Postal Reg. No. G-RJ-450
(Renewed upto 31.12.2008)

Posting day-25th of every month,
Posted at Rajkot RMS - 360 001.
**Write PIN CODE for Correct Delivery**

If undelivered please return to :

**સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ)**
3-A, પ્રમુખ સ્વામી આર્કેડ, પહેલા માળે,
માલવિયા ચોક, રાજકોટ. ફોન : ૨૨૩૩૧૯૦
સિટી ઓફિસ : ફોન - (૦૨૮૧) ૨૨૨૦૮૬૧-૮૬૬
મોબાઈલ : ૯૪૨૭૨ ૨૧૫૯૧
email : info@kota.dhamma.org
Web site : www.kota.dhamma.org